૬૦ હજારના વિવાદમાં કારને આગ ચાંપતા સૂતેલા બે શ્રમિક બળી ગયા

અમરેલીના ગુંદરણ ગામે વાડીમાં પાર્ક કરેલી ગાડીને મધરાત્રે બહારથી આગ ચાંપી

મધ્યપ્રદેશના ૧૬ વર્ષીય રવિ અને ૨૧ વર્ષીય નીતિનનાં મોત, બે કૌટુંબિક ભાઈઓ પોલીસની પકડમાં

ગાંધીનગરઃ માત્ર રૂ.૬૦ હજારની નાણાકીય લેતીદેતી અને તુફાન ગાડીના કબજાનો ખાર એવો ભયાનક બન્યો કે બે નિર્દોષ શ્રમિકો માટે ગાડી જ મોતનું પાંજરું બની ગઈ. અમરેલીના લીલીયા તાલુકાના ગુંદરણ ગામની સીમમાં આવેલી વાડીમાં પાર્ક કરેલી તુફાન પેસેન્જર ગાડીને મધરાત્રે બહારથી આગ ચાંપી દેવામાં આવતાં અંદર સૂતેલા મધ્યપ્રદેશના બે શ્રમિકો જીવતા સળગી ગયા હતા. મૃતકોમાં ૧૬ વર્ષનો સગીર રવિ બઘેલ અને ૨૧ વર્ષીય નીતિન પચાયાનો સમાવેશ થાય છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ગાડીના કબજા અને રૂ.૬૦ હજારના વ્યવહારના વિવાદમાં આ કૃત્ય આચરાયું હોવાનું સામે આવ્યું છે. પોલીસે મુખ્ય આરોપી વિનોદ ડોડીયાર અને તેના કૌટુંબિક ભાઈ રાજુ ડોડીયારને ઝડપી લઈ બંને સામે ડબલ મર્ડરનો ગુનો નોંધ્યો છે.

મનદુઃખમાં આગચંપી

પોલીસ તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, આરોપી વિનોદ વરસીંગભાઈ ડોડીયારે રીતેશસિંહ નામના વ્યક્તિ પાસેથી હપ્તેથી તુફાન ગાડી લીધી હતી. ગાડીના હપ્તા સમયસર ન ભરાતાં ગાડી પેટે આશરે રૂ.૬૦ હજાર બાકી નીકળતા રીતેશસિંહે પોતાના મિત્ર કમલેશ બઘેલને ગાડીનો કબજો લેવા જણાવ્યું હતું. આશરે દસ દિવસ પહેલાં કમલેશભાઈએ ગાડી પોતાના કબજામાં લીધી હતી. આ બાબતનું મનદુઃખ રાખીને વિનોદે તેના કૌટુંબિક ભાઈ રાજુ ગોરધનભાઈ ડોડીયાર સાથે મળીને ગાડીને બહારથી આગ ચાંપી હોવાનું પોલીસનું પ્રાથમિક તારણ છે.

ચાર મહિનાથી વાડીમાં ભાગિયા તરીકે કામ કરતા હતા

મૃતક રવિ અને નીતિન મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના કાઠીવાડા વિસ્તારના વતની હતા. બંને છેલ્લા ચાર મહિનાથી ગુંદરણ ગામની સીમમાં આવેલી વાડીમાં ભાગિયા તરીકે કામ કરતા હતા. ૨ નવેમ્બરની મોડી રાત્રે બંને વાડીમાં પાર્ક કરેલી તુફાન ગાડીમાં સૂતા હતા. આશરે રાત્રે ૧.૨૦ વાગ્યાની આસપાસ ગાડીને આગ લગાડવામાં આવી હતી.

ઉત્રાણ સ્ટેશન પર હોલિડે વિશેષ ટ્રેનોનું બુકિંગ કાઉન્ટર શરૂ

ભરૂચ અને અંકલેશ્વરના મુસાફરોને વતન પહોંચવા માટે વધારાનો રેલ વિકલ્પ મળશે



સુરતઃ દિવાળી અને છઠ પૂજાના તહેવારો દરમિયાન ઉત્તર ભારત તરફ મુસાફરી કરતાં મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા સુરતના ઉધના સ્ટેશન બાદ હવે ઉત્રાણ સ્ટેશન પરથી પણ ઉત્તર ભારત માટે હોલિડે સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન શરૂ કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે સ્ટેશન પર બુકિંગ કાઉન્ટર પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. આ પહેલથી સુરત તેમજ આસપાસના વિસ્તારો ખાસ કરીને ભરૂચ અને અંકલેશ્વરના મુસાફરોને તહેવારોમાં પોતાના વતન પહોંચવા માટે વધારાનો રેલ વિકલ્પ મળી રહેશે.

મુસાફરોની સુગમ ટિકિટ બુકિંગ અને સહાયતા માટે પર્યાપ્ત સંખ્યામાં ટિકિટ બુકિંગ અને હેલ્પ ડેસ્ક કાઉન્ટર શરૂ કરવામાં આવ્યા છે તેમજ લાંબી લાઈનોના સુવ્યવસ્થિત સંચાલન માટે બેરિકેડિંગ અને પૂછપરછ કાઉન્ટરની વ્યવસ્થા કરાઈ છે. સ્ટેશન પરિસરમાં પૂરતી સંખ્યામાં સુરક્ષાકર્મીઓની તૈનાતી સાથે જરૂરી સુરક્ષા ઉપકરણો ગોઠવવામાં આવ્યા છે. સાથે ફર્સ્ટ એઈડ સુવિધા યુક્ત મેડિકલ બૂથ અને એમ્બ્યુલન્સ સેવા પણ ઉપલબ્ધ છે.

5 નવેમ્બરથી લાલકુઆં સ્પેશિયલ ટ્રેનની પ્રથમ ટ્રિપ

વડોદરા મંડળ દ્વારા તહેવારોની મોસમમાં ઉત્તર પ્રદેશ, બિહાર, કોલકાતા તથા ઉત્તર અને દક્ષિણ ભારતના વિવિધ ગંતવ્યો માટે સાપ્તાહિક સ્પેશ્યિલ ટ્રેનોના 37 થી વધુ ફેરાનું સંચાલન કરવામાં આવ્યું છે. ઉત્રાણ સ્ટેશનથી લાલકુઆં માટે હોલિડે સ્પેશ્યિલ ટ્રેનની પ્રથમ ટ્રિપ આગામી 5 નવેમ્બર, 2026 ના રોજ રવાના થશે. આ ઉપરાંત જયપુર માટે પણ અન્ય એક હોલિડે સ્પેશ્યિલ ટ્રેન ચલાવવામાં આવશે. ઉત્રાણ-લાલકુઆં સ્પેશ્યિલ ટ્રેન 5 અને 12 નવેમ્બર, 2026 ના રોજ દર ગુરુવારે બપોરે 15 :00 વાગ્યે ઉત્રાણથી ઉપડશે અને બીજા દિવસે બપોરે 16:10 વાગ્યે લાલકુઆં પહોંચશે. લાલકુઆં-ઉત્રાણ સ્પેશ્યિલ ટ્રેન 6 અને 13 નવેમ્બર, 2026 ના રોજ દર શુક્રવારે રાત્રે 22 :00 વાગ્યે લાલકુઆંથી પ્રસ્થાન કરશે અને બીજા દિવસે રાત્રે 22:15 વાગ્યે ઉત્રાણ પરત પહોંચશે.

દિવાળી નિમિત્તે સુરતની લાજપોર જેલના 7 કેદીને 15 દિવસના પેરોલ

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્યના 143 કેદીઓને દિવાળી પેરોલ મંજૂર, ધનતેરસથી પરિવાર સાથે તહેવાર ઉજવી શકશે

સુરતઃ દિવાળીના પર્વ નિમિત્તે કેદીઓને પરિવારજનો સાથે તહેવાર ઉજવવાની તક મળી રહે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા રાજ્યની વિવિધ જેલોમાં સજા ભોગવી રહેલા કેદીઓને 15 દિવસના દિવાળી પેરોલ મંજૂર કરવામાં આવ્યા છે.

નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા આ નિર્ણય અંતર્ગત રાજ્યભરની જેલોમાંથી કુલ 143 કેદીને પેરોલ પર મુક્ત કરવામાં આવશે. જેમાં 60 વર્ષ કે તેથી વધુ વયના 103 પુરુષ કેદીઓ અને 40 મહિલા કેદીઓનો સમાવેશ થાય છે. આ તમામ કેદીઓને ધનતેરસ એટલે કે 6 નવેમ્બરથી 15 દિવસ માટે પેરોલ પર મુક્ત કરવામાં આવશે.

આ નિર્ણય અંતર્ગત સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાંથી કુલ 7 કેદીને દિવાળી પેરોલનો લાભ મળશે. જેમાં પાંચ વૃદ્ધ કેદી અને બે વૃદ્ધા કેદીનો સમાવેશ થાય છે. આ તમામને નિયમો મુજબ પેરોલ મંજૂર કરી જેલમાંથી મુક્ત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકાર દ્વારા વર્ષ 2003થી દર વર્ષે દિવાળીના તહેવાર નિમિત્તે વૃદ્ધ અને વૃદ્ધા કેદીઓને 15 દિવસના પેરોલ આપવાની પરંપરા અમલમાં છે. જોકે, ગંભીર ગુનાઓમાં સજા પામેલા તેમજ સરકારના નિયમો હેઠળ અપાત્ર ઠરતા કેદીઓને આ લાભ આપવામાં આવતો નથી.

ઉદ્યોગોની જરૂરિયાત મુજબ યુવાનોને તૈયાર કરવા અભ્યાસક્રમ બદલાશે

ઇન્ડસ્ટ્રી અને એમ્પ્લોયમેન્ટ વચ્ચે સેતુ રચીને ભવિષ્યની વર્કફોર્સ તૈયાર કરાશેઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગરઃ વિકસિત ગુજરાત@2047ના લક્ષ્યને સાકાર કરવા રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાને ઉદ્યોગજગતની જરૂરિયાતો સાથે જોડીને યુવાનોને ભવિષ્યના રોજગાર માટે તૈયાર કરવાની દિશામાં સરકારે ભાર મૂક્યો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ડેટા એનાલિટિક્સ, સેમિકન્ડક્ટર, ઈલેક્ટ્રોનિક્સ અને ઓટોમેશન સહિતનાં ઉભરતાં ક્ષેત્રોમાં કુશળ માનવબળ તૈયાર કરવા યુનિવર્સિટીઓના અભ્યાસક્રમનું અદ્યતનીકરણ, ઉદ્યોગો સાથે સંકલન, ઈન્ટર્નશિપ અને સંશોધનને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ કર્યું હતું કે, ઈન્ડસ્ટ્રી અને એમ્પ્લોયમેન્ટ વચ્ચે સેતુ રચીને વિકસિત ભારત માટેની વર્કફોર્સ તૈયાર કરવી એ વિકસિત ગુજરાત@2047ના રોડમેપનો મહત્ત્વનો હિસ્સો છે.

ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) અને રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા અમદાવાદમાં આયોજિત 'વિકસિત ગુજરાત@2047 : હાયર એજ્યુકેશન ફોર ફ્યુચર વર્કફોર્સ રેડીનેસ કોન્ફરન્સ'ના સમાપન સમારોહમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, યુવાઓને સમયની માંગ મુજબનું શિક્ષણ અને કૌશલ્ય આપીને તૈયાર કરવામાં આવશે તો જ ગુજરાતની ભાવિ સ્પર્ધાત્મકતા મજબૂત બનશે. મુખ્યમંત્રીએ વિકસિત ગુજરાત@2047ના રોડમેપને વધુ પરિણામલક્ષી બનાવવા સૌનાં સૂચનો અને સહયોગ આવકારતાં જણાવ્યું હતું કે, સરકાર આ રોડમેપના અમલીકરણમાં ખુલ્લા મનથી આગળ વધવા તૈયાર છે.

માહિતી નિયામક તરીકે જી. ટી. પંડ્યાએ પદભાર સંભાળ્યો

ગાંધીનગરઃ ગાંધીનગર ખતે માહિતી નિયામકનો પદભાર જી.ટી. પંડ્યાએ પદભાર સંભાળ્યા બાદ અધિક માહિતી નિયામક ડૉ. સંજય કચોટ સહિત માહિતીના અધિકારીઓ સાથે બેઠક કરીને પરિચય કેળવ્યો હતો. જી. ટી. પંડ્યાએ માહિતી નિયામકની કચેરીની કામગીરી સમજીને પ્રજા કલ્યાણની રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓના મહત્તમ લાભ છેવાડાના માનવી સુધી પ્રચાર-પ્રસાર દ્વારા કેવી રીતે પહોંચાડી શકાય તે અંગે સૌને માર્ગદર્શન આપ્યું હતું. માહિતી નિયામકનો ચાર્જ સંભાળ્યો તે અગાઉ તેઓ રાજ્યના શિક્ષણ વિભાગમાં અધિક સચિવ તરીકે કાર્યરત હતા. તેઓ મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કલેક્ટર તરીકે અને રાજકોટ જિલ્લામાં પણ જિલ્લા વિકાસ અધિકારી તરીકે સેવા આપી ચૂક્યા છે. તેઓને સ્વસ્થ ભારત અને ઈ-ઔષધિ પ્રોજેક્ટ માટે સ્કોચ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

સુરત સહિત ગુજરાતની જેલોને ઉડાવવાની ધમકી

DGP કચેરીને ઈ-મેઈલ મળતાં રાજ્યભરમાં હાઈ એલર્ટ, બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા તપાસ

ગાંધીનગરઃ સુરત ઉપરાંત અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલ સહિત ગુજરાતભરની તમામ જેલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે. ગાંધીનગર સ્થિત પોલીસ મહાનિર્દેશક (DGP) કચેરીના સત્તાવાર ઈ-મેઈલ પર અજાણ્યા શખસે ધમકીભર્યો ઈ-મેઈલ મોકલ્યો હતો.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલ સહિત ગુજરાતભરની તમામ જેલોને બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા ઈ-મેઈલમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, મોરબી અને સુરત સહિત રાજ્યની જેલોને નિશાન બનાવવાની વાત કરવામાં આવી છે. ઈ-મેઈલમાં '2008ને ભૂલશો નહીં, મોટું સરપ્રાઈઝ આપવામાં આવશે, વેઈટ એન્ડ વોચ' જેવી ચેતવણી સાથે પાકિસ્તાન ઝિંદાબાદ અને ખાલિસ્તાન ઝિંદાબાદના નારા પણ લખવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. જોકે, કઈ જેલમાં બોમ્બ વિસ્ફોટ કરવામાં આવશે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

આ ધમકી મળતાં જ સાબરમતી જેલમાં તેમજ સુરતની લાજપોર જેલમાં બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS) અને ડોગ સ્ક્વોડ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. સુરતમાં ચાર કલાક ચાલેલી તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી. મુલાકાતીઓ, વાહનો અને જેલમાં આવતી સામગ્રીની પણ ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે.

જનગણના-2027ના બીજા તબક્કાની કામગીરી માટે ગુજરાતમાં કવાયત શરૂ

ગાંધીનગરઃ જનગણના-2027ના બીજા તબક્કા એટલે કે વસ્તી ગણતરીની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવા ગુજરાત સરકારે તૈયારીઓ તેજ બનાવી છે. આ કામગીરીમાં આંકડાઓની ચોકસાઈ, ડિજિટલ સાધનોનો અસરકારક ઉપયોગ અને સમયબદ્ધ આયોજન પર ભાર મૂકતાં મુખ્ય સચિવ એમ. કે. દાસે તમામ જિલ્લા કલેક્ટરો અને મ્યુનિસિપલ કમિશનરોને જનગણનાની કામગીરીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા સૂચના આપી છે. આ સંદર્ભે આજે રાજ્યસ્તરીય મુખ્ય જનગણના અધિકારીઓની પરિષદ યોજાઈ હતી, જેમાં જિલ્લા સ્તરના અધિકારીઓએ વર્ચ્યુઅલ માધ્યમથી ભાગ લીધો હતો.

પરિષદમાં ભારતના રજિસ્ટ્રાર જનરલ અને જનગણના કમિશનર મૃત્યુંજય કુમાર નારાયણે ગુજરાતમાં ઘરયાદીની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થવા બદલ પ્રશંસા કરી હતી.

4 સુપરફાસ્ટ ટ્રેનો બનશે એક્સપ્રેસ, ભાડાં ઘટી શકે

1 જાન્યુઆરી -2027થી લાગુ થશે નવો નિયમ, ટ્રેન નંબર પણ બદલાશે

સુપરફાસ્ટ સરચાર્જ હટશે તો ટિકિટ સસ્તી થશે

સુરતઃ પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોને મોટી રાહત આપતો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેની 4 સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનોને સામાન્ય એક્સપ્રેસ શ્રેણીમાં ફેરવવાનો નિર્ણય કરાયો છે. આ ફેરફાર 1 જાન્યુઆરી 2027થી લાગુ થશે અને તેની સાથે જ ચારેય ટ્રેનોના નંબર પણ બદલાઈ જશે. રેલવેના આ નિર્ણયથી મુસાફરોને ભાડામાં રાહત મળવાની આશા છે.

સુપરફાસ્ટ અને સામાન્ય એક્સપ્રેસ ટ્રેનોના ભાડામાં મુખ્ય તફાવત સુપરફાસ્ટ સરચાર્જનો હોય છે. સુપરફાસ્ટ શ્રેણીમાં મુસાફરો પાસેથી નિર્ધારિત વધારાનો ચાર્જ લેવામાં આવે છે. તેથી આ ટ્રેનોને સામાન્ય એક્સપ્રેસમાં બદલ્યા બાદ મુસાફરોને આ ચાર્જમાંથી રાહત મળવાની શક્યતા છે. જોકે ભાડામાં કેટલો ઘટાડો થશે અને કઈ તારીખથી નવા દર લાગુ થશે તે અંગે રેલવેનો નિર્ણય આવવાનો બાકી છે.

કઈ ટ્રેનોના નંબર બદલાયા?

» દાદરથી એકતાનગર જતી ટ્રેન નંબર 12927 હવે 19067 નંબરથી દોડશે અને પરત આવતી ટ્રેન નંબર 12928 હવે 19068 નંબરથી દોડશે.

» વલસાડથી વડનગર જતી ટ્રેન નંબર 20959 નો નવો નંબર 19059 અને પરત આવતી ટ્રેન નંબર 20960 નો નવો નંબર 19060 થશે.

અનુસંધાન... પાના છેલ્લાનું

શાળા-કોલેજોમાં...

રહેશે, જ્યારે રવિવાર સહિત ૩૪ દિવસ જાહેર રજાઓ રહેશે. વેકેશન પૂર્વે શાળાઓમાં અંતિમ દિવસે દિવાળી પર્વની ઉજવણી કરવામાં આવશે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો એકબીજાને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી વેકેશનની શરૂઆત કરશે. ૨૧ દિવસના વિરામ બાદ શાળાઓમાં ફરી શૈક્ષણિક પ્રવૃત્તિઓ ધમધમતી થશે.

ન્યૂ બમરોલી...

તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન સંસ્થાને નોટિસ ફટકારીને ત્યાંથી 'લો ફેટ ફ્રેશ પનીર'નો શંકાસ્પદ નમૂનો લેબમાં મોકલવામાં આવ્યો છે. તંત્ર દ્વારા આ સંસ્થામાંથી રૂ.1,11,440 ની કિંમતનો 398 કિલોગ્રામ શંકાસ્પદ પનીરનો જથ્થો પણ સીઝ કરવામાં આવ્યો છે.

કાલે રમા એકાદશી...

દિવાળી માત્ર દીવા પ્રગટાવવાનો તહેવાર નથી, પરંતુ આર્થિક સમૃદ્ધિ, ધાર્મિક આસ્થા, પારિવારિક સ્નેહ અને નવી આશાઓ સાથે નવી શરૂઆતનું પ્રતીક છે. ખાસ કરીને સુરત જેવા વેપારી શહેરમાં દિવાળીના તહેવારોનું વિશેષ મહત્વ રહેલું છે. કાપડ બજાર અને હીરા બજાર સહિત તમામ વેપારી ક્ષેત્રોમાં દિવાળીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. કાપડ, સોના-ચાંદીના દાગીના, ઇલેક્ટ્રોનિક્સ, મીઠાઈ-ફરસાણ, રંગોળી, શણગારની વસ્તુઓ અને ફટાકડા બજારમાં ગ્રાહકોની ભારે ભીડ ઉમટી રહી છે. પરમ દિવસે અગિયારસ બાદ ૬ નવેમ્બરથી ધનતેરસ સાથે દિવાળીના મુખ્ય તહેવારો શરૂ થશે. ત્યારબાદ કાળી ચૌદસ, દિવાળી, ગોવર્ધન પૂજા, બેસતું વર્ષ અને ભાઈબીજ સહિતના પર્વોની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે.

અગિયારસથી ભાઈબીજ સુધીના પર્વોનું મહત્ત્વ અને મુહૂર્ત

» રમા એકાદશી - અગિયારસ (૪ નવેમ્બર): દીપોત્સવી તહેવારોનો વિધિવત આરંભ આસો વદ અગિયારસ એટલે કે રમા એકાદશીથી થાય છે. આ પાવન દિવસે ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીજીની આરાધના કરવામાં આવે છે. ઘરોમાં રંગોળી સજાવીને દીપ પ્રગટાવવાની શરૂઆત આ દિવસથી કરવામાં આવે છે.

» વાઘબારસ - ગોવત્સ દ્વાદશી (૫ નવેમ્બર): દિવાળી પર્વની બીજી કડી એટલે વાઘબારસ, જેને 'ગોવત્સ દ્વાદશી' તરીકે પણ ઉજવવામાં આવે છે. આ દિવસે કામધેનુ સ્વરૂપ ગાય અને વાછરડાનું પૂજન કરી તેમને અડદના વડા કે રોટલો ખવડાવવાની પરંપરા છે. વેપારીઓ માટે આ દિવસ 'વાક-બારસ' (વાણી અને હિસાબની શુદ્ધિ) તરીકે મહત્વ ધરાવે છે, જ્યાં સરસ્વતી ઉપાસના સાથે જૂના હિસાબોની સમીક્ષા કરી નવા ચોપડાની પૂર્વતૈયારી કરવામાં આવે છે.

» ધનતેરસ (૬ નવેમ્બર): જ્યોતિષ આચાર્ય હંસરાજ જણાવે છે કે ધનતેરસની તિથિ ૬ નવેમ્બરે સવારે ૧૦:૩૧ વાગ્યાથી શરૂ થઈને ૭ નવેમ્બરે સવારે ૧૦:૪૯ વાગ્યા સુધી રહેશે. ધનતેરસ પૂજન માટે સાંજે ૬:૦૫ થી ૭:૦૦ વાગ્યા સુધીનો શ્રેષ્ઠ સમય છે. આ દિવસે અભિજિત મુહૂર્ત સવારે ૧૧:૪૫ થી બપોરે ૧૨:૩૦, વિજય મુહૂર્ત બપોરે ૧:૫૫ થી ૨:૩૯ અને ગોધૂલિ મુહૂર્ત સાંજે ૫:૩૫ થી ૬:૦૧ સુધી રહેશે.

» કાળીચૌદશ (૭ નવેમ્બર): કાળીચૌદશની તિથિ ૭ નવેમ્બરે સવારે ૧૦:૪૯થી શરૂ થઈ ૮ નવેમ્બરે સવારે ૧૧:૨૯ સુધી રહેશે. આ દિવસે તેલ-ઉબટનથી અભ્યંગ સ્નાન માટે સવારે ૫:૪૫ થી ૬:૪૦ વાગ્યા સુધીનો ઉત્તમ સમય છે. ગોધૂલી મુહૂર્ત સાંજે ૫:૩૩ થી ૬:૦૧ અને પ્રદોષ કાળ સાંજે ૫:૩૩ થી રાત્રે ૮:૧૧ સુધી રહેશે.

» દિવાળી - મહાલક્ષ્મી પૂજન (૮ નવેમ્બર): દિવાળીની તિથિ ૮ નવેમ્બરે સવારે ૧૧:૨૯ થી શરૂ થઈને ૯ નવેમ્બરે બપોરે ૧૨:૩૨ સુધી રહેશે. આ દિવસે માતા લક્ષ્મીજી, સરસ્વતીજી અને ભગવાન ગણેશજીનું વિધિવત પૂજન-ચોપડા પૂજન કરવામાં આવશે. લક્ષ્મી પૂજન માટે સાંજે ૫:૫૫ થી ૬:૦૧ સુધીનો સમય રહેશે, જ્યારે પ્રદોષ કાળ સાંજે ૫:૩૩ થી રાત્રે ૮:૧૧ સુધી રહેશે. નિશીથ કાળ પૂજન મુહૂર્ત રાત્રે ૧૧:૪૧ થી મધરાતે ૧૨:૩૩ સુધી રહેશે.

» નવું વર્ષ, ગોવર્ધન પૂજા અને અન્નકૂટ (૧૦ નવેમ્બર): આ દિવસે મંદિરોમાં અન્નકૂટ દર્શન અને ગોવર્ધન પૂજાનું વિશેષ આયોજન થશે. પૂજા માટે સવારે ૬:૪૧ થી ૮:૫૧ વાગ્યા સુધીનો સમય શુભ રહેશે, જ્યારે ગોવર્ધન પૂજા તિથિ બપોરે ૨:૦૧ વાગ્યાથી શરૂ થશે.

» ભાઈબીજ (૧૧ નવેમ્બર): ભાઈ-બહેનના અતૂટ પ્રેમના પર્વ ભાઈબીજના દિવસે બહેન પોતાના ભાઈના દીર્ઘાયુ અને સુખ-સમૃદ્ધિની કામના સાથે તિલક કરે છે. આ દિવસે પૂજા અને તિલક માટે બપોરે ૧:૧૧ થી ૩:૨૧ વાગ્યા સુધીનો શુભ સમય રહેશે.

સોના-ચાંદીના...

બજારમાં ખરીદીનો ઉત્સાહ વધ્યો છે. રવિ પુષ્ય નક્ષત્રના શુભ સંયોગ બાદ હવે ધનતેરસના પવિત્ર દિવસે પણ જ્વેલરી બજારમાં ઘરાકીનો માહોલ જામવાની આશા વેપારીઓએ વ્યક્ત કરી છે. ખાસ કરીને લગ્નસરાની આગામી સિઝનને ધ્યાનમાં રાખીને પરિવારો દ્વારા ઘરેણાંના ઓર્ડર નોંધાવવાની સાથે સોના-ચાંદીના સિક્કા, ભગવાનનાં ઘરેણાં અને સોનાની લગડીની ખરીદીમાં તેજી રહેવાનો અંદાજ છે. ધનતેરસના દિવસે સોના-ચાંદીના સિક્કા ખરીદવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. આ વર્ષે પણ ભાવમાં આવેલા ઘટાડાને કારણે ગ્રાહકો ખરીદી માટે પ્રોત્સાહિત થયા છે. જે પરિવારોના બજેટમાં સોનાનાં ઘરેણાં ખરીદવાનું શક્ય નથી તેઓ ચાંદીના ઘરેણાં તરફ વળે તેવી શક્યતા છે. મધ્યમવર્ગીય પરિવારોમાં ખાસ કરીને લાઇટવેઇટ જ્વેલરીની માંગ રહેવાનો વેપારીઓને વિશ્વાસ છે. ઇન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના ગુજરાત રાજ્ય પ્રમુખ નૈનેશ પચ્ચીગરના જણાવ્યા અનુસાર, ધનતેરસના દિવસે જ્વેલર્સની દુકાનોમાં રવિ પુષ્ય નક્ષત્રની જેમ ગ્રાહકોની ભીડ જોવા મળી શકે છે. લગ્નસરાના અંતિમ દિવસોમાં લગ્ન યોજનારાં પરિવારો ઘરેણાંની ડિલિવરી માટે પણ ધનતેરસનો દિવસ પસંદ કરી શકે છે.

150 થી 175...

તહેવારોની ખરીદી અને લગ્નસરાની જરૂરિયાતો એમ ત્રણેય પરિબળો બજારને વેગ આપશે. આમ, ધનતેરસે સુરતના જ્વેલરી બજારમાં પરંપરાગત ખરીદીની સાથે લગ્નસરાના બુકિંગ અને રોકાણલક્ષી ખરીદીનો ત્રિવેણી સંગમ જોવા મળે તેવી આશા છે.

પત્ની સાથેની...

હતું. એ વ્યક્તિએ આગ ચાંપી દીધી હોત તો પોતે જીવ ગુમાવી દેતે અને આજુબાજુની તમામ ટુવ્હીલ વાહનો આગ પકડી લેતે તેવી પરિસ્થિતિનું નિર્માણ સર્જાયું હોત. કોર્ટના પાર્કિંગ પાસે આ અરજદાર દ્વારા પેટ્રોલ છાંટી માચીસ સળગાવવવાનો પ્રયાસ કરી આત્મવિલોપનનો પ્રયાસ કરવામાં આવતાં નજદીકના ટેબલ પરથી ટાઈપીસ્ટ અવેશ સૈયદ, રણજીત સોનવણે સહિતના વકીલો દોડી ગયા અને રણજીતે પાછળથી પકડી લીધો હતો, જ્યારે અવેશે માચીસ છીનવી લીધી હતી.

આત્મવિલોપનનો...

રાખતા હતા. આજે પત્ની સાથે ફોન પર બોલાચાલી થયા બાદ તેઓ અચાનક કોર્ટ પરિસરમાં આવી પહોંચ્યા હતા અને આ કૃત્ય કર્યું હતું, તેમ ઉમરા પોલીસ મથકના પીઆઈએ જણાવ્યું હતું. વધુમાં પોલીસે વિનોદ પાટીલને ઉમરા પોલીસ સ્ટેશન લઈ જઈ કાઉન્સેલિંગ કર્યું હતું. તેમને સમજાવવામાં આવ્યું હતું કે, પારિવારિક વિવાદનો ઉકેલ પરિવારના સભ્યો સાથે બેસીને લાવવો જોઈએ અને ભવિષ્યમાં આવું પગલું ફરી ન ભરવું. ત્યારબાદ સમજાવટ આપીને તેમને મુક્ત કરવામાં આવ્યા હતા.

આસપાસના 20થી...

આસપાસના અન્ય સ્ટોલધારકો પણ ગભરાઈ ગયા હતા અને પોતાના સ્ટોલ છોડીને સુરક્ષિત અંતરે ખસી ગયા હતા. આ આગની ઘટના બાદ સુરત ફાયર વિભાગની સાથેસાથે સ્થાનિક પોલીસનો કાફલો પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સ્થિતિનો તાગ મેળવ્યો હતો. જાહેર રસ્તાઓ પર આ પ્રકારે કોઈપણ સુરક્ષાના સાધનો વગર આડેધડ ફટાકડાના સ્ટોલ ઊભા કરવાના ગંભીર મુદ્દે હવે પોલીસને સખત સૂચનાઓ આપવામાં આવી છે.

પાથરણાવાળાના ફટાકડાંમાં...

ફૂટવા માંડ્યા હતા અને ઉપરાઉપરી થયેલા પ્રચંડ ધડાકાથી આખો પંથક ધણધણી ઊઠ્યો હતો. ચારેકોર ધુમાડાના ગોટેગોટા ઉડવા લાગતાં માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. આગની જ્વાળાઓ વધુ પ્રસરે તે પહેલાં કેટલાક સ્થાનિક લોકોએ સમયસૂચકતા દાખવી, જીવના જોખમે રસ્તા પર પાર્ક કરેલા વાહનોને તાત્કાલિક સલામત સ્થળે ખસેડી લીધા હતા. ઘટના અંગે તાબડતોબ સુરત મનપાના ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવતાં ફાયર ફાઈટરો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડના જવાનોએ ત્વરિત પાણીનો મારો ચલાવીને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. સમયસર હાથ ધરાયેલી આ કામગીરીને કારણે આગ આસપાસની દુકાનો કે રહેણાંક મકાનો સુધી પહોંચતી અટકી હતી, જેથી મોટી જાનહાનિ ટળી હતી.

પેટ્રોલની ટાંકીઓ બ્લાસ્ટ થવાનો ખતરો હતો

ફટાકડાના સ્ટોલ પાસે અનેક લોકોએ પોતાના ટુ-વ્હીલર પાર્ક કરેલા હતા. આગ લાગ્યા બાદ ચારેબાજુ તણખા અને રોકેટો ઊડી રહ્યા હતા. જો આગ વાહનો સુધી પહોંચી ગઈ હોત તો વાહનોની પેટ્રોલ ટાંકીમાં બ્લાસ્ટ થવાની અને ભયાનક હોનારત સર્જાવાની પૂરી શક્યતા હતી. પરંતુ સ્થાનિક યુવકો અને વાહનચાલકોએ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના જીવના જોખમે વાહનો હટાવી લેતાં મોટી દુર્ઘટના બનતાં અટકી ગઈ હતી.

અનુસંધાન... પાના પહેલાનું

હોર્મુઝમાં ભારતીય...

ગલ્ફ અને હોર્મુઝ ક્ષેત્રમાં અત્યાર સુધીમાં 122 જહાજોને નિશાન બનાવવામાં આવ્યા છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ G-20 બેઠકમાં આ મુદ્દો ઉઠાવી ચેતવણી આપી હતી કે દરિયાઈ વેપારી માર્ગો પરના હુમલાથી ઈંધણ અને ખાદ્ય સામગ્રીના પુરવઠાને અસર પહોંચશે.

મિડટર્મ ચૂંટણી...

નિશાન બનાવ્યું હતું. તેમણે આ ઓપરેશનને એક 'નાનો હુમલો' ગણાવ્યો હતો. ઈરાની મીડિયાએ અમેરિકાના બે જાસુસી ડ્રોન તોડી પાડવાનો દાવો કર્યો હતો. આ અગાઉ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ચૂંટણી પહેલા અમેરિકા ઈરાન પર કોઈ હુમલો નહીં કરે કારણ કે અગાઉની ફરીથી શરૂ થયેલી લડાઈ અને તેના કારણે અમેરિકામાં ગેસોલિનના ઊંચા ભાવ તથા અર્થતંત્ર પર પડેલી અસર રિપબ્લિકન પાર્ટી માટે ચિંતાનો વિષય બની હતી. નામ ન આપવાની શરતે એક અમેરિકી અધિકારીએ જણાવ્યું હતું કે આ હુમલાઓ તે ઈરાનીઓ વિરુદ્ધ કરવામાં આવ્યા હતા જેઓ આ સામુદ્રધુનીમાં અમેરિકા સામે સરફેસ-ટુ-એર મિસાઈલનો ઉપયોગ કરી રહ્યા હતા. વ્હાઈટ હાઉસ અને કતારની મધ્યસ્થીથી ચાલી રહેલી પરોક્ષ વાતચીત વચ્ચે આ હુમલા થવાથી ક્ષેત્રમાં નવો તણાવ ફેલાયો છે. જોકે, ઉપપ્રમુખ જે ડી વાન્સે જણાવ્યું હતું કે બંને પક્ષો વાટાઘાટો દ્વારા સમાધાન તરફ આગળ વધી રહ્યા છે. વૈશ્વિક અર્થવ્યવસ્થાને હચમચાવી નાખનાર અને ઈરાનને બરબાદ કરી ચૂકેલા 8 મહિનાથી વધુ સમયના આ યુદ્ધમાં આગળ શું પગલાં લેવા તે અંગે ઈઝરાયેલ અને મધ્ય પૂર્વના કેટલાક સહયોગી દેશો રાષ્ટ્રપતિ ટ્રમ્પ પર દબાણ બનાવી રહ્યા છે, જેના ભાગરૂપે પરોક્ષ વાટાઘાટો પણ ચાલી રહી છે.

આંધ્ર પ્રદેશમાં...

સેમી) અને ભીમવરમ (13 સેમી) જેવા વિસ્તારોમાં પણ ભારે વરસાદ વરસ્યો હતો. દરમિયાન, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડે તોફાન સામેનો મુકાબલો કરવામાં 'ત્વરિત સમર્થન અને એકતા' દાખવવા બદલ કેન્દ્ર સરકારનો અને સમયસર સહયોગ આપવા બદલ કર્ણાટકનાં સમકક્ષ ડી.કે. શિવકુમાર અને પડોશી રાજ્યના લોકોનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

ચક્રવાતી તોફાન નબળું પડ્યું

ગંભીર ચક્રવાતી તોફાન હવે નબળું પડીને ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થઈ ગયું છે અને 3 નવેમ્બરની મધ્યરાત્રિ સુધીમાં તે વધુ નબળું પડીને ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ જવાની સંભાવના છે. હવામાન વિભાગે બુધવારે તટીય આંધ્રપ્રદેશના અલગ-અલગ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. ઉલ્લેખનીય છે કે આ ગંભીર ચક્રવાત ત્રાટક્યું તે દરમિયાન પવનની ઝડપ પ્રતિ કલાક 100થી 110 કિમી અને પવનોની ઝડપ 120 કિમી પ્રતિ કલાક સુધી પહોંચી હતી.

ટ્રેન, વિમાન અને વાહન વ્યવહાર ખોરવાયો

વાવાઝોડાને કારણે વિઝિબિલિટી (દ્રશ્યતા) ઓછી થઈ જવાથી રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર વાહનો ફસાઈ ગયા હતા, જેના કારણે વાહનવ્યવહાર ગંભીર રીતે પ્રભાવિત થયો હતો. ખરાબ હવામાનને પગલે 35થી વધુ ટ્રેનો રદ્દ કરવામાં આવી છે, 14 ટ્રેનોના માર્ગ ડાયવર્ટ કરવામાં આવ્યા છે અને 8 ટ્રેનોના સમયમાં ફેરફાર કરાયો છે, આ ઉપરાંત ઘણી ફ્લાઈટ્સ પણ રદ્દ કરવામાં આવી છે.

રાહત અને બચાવ કામગીરી

રાહત અને બચાવ કામગીરીમાં 11 એનડીઆરએફ અને 13 એસડીઆરએફની ટીમો કાર્યરત છે. 15 જિલ્લાઓમાં ફેલાયેલા 132 મંડળો પર આ વાવાઝોડાની ભારે અસર પડી છે. રાજ્ય સરકારે 171 રાહત શિબિરોની વ્યવસ્થા કરી છે. ઉપરાંત સાવચેતીના પગલા રૂપે 3066 સગર્ભા સ્ત્રીઓ અને 1008 સ્તનપાન કરાવતી માતાઓને સુરક્ષિત રીતે હોસ્પિટલોમાં ખસેડવામાં આવી છે.

માઉન્ટ એવરેસ્ટ...

વિમાન અને હેલિકોપ્ટર દુર્ઘટનાઓ થતી રહી છે. પોલીસે મૃતદેહને લુક્લા હોસ્પિટલમાં ખસેડીને વધુ તપાસ શરૂ કરી છે. નેપાળના અત્યંત વિષમ અને દુર્ગમ પર્વતમાળાવાળા ભૂપ્રદેશ, ઊંચાઈવાળા વિસ્તારોમાં હવામાનના અણધાર્યા પલટા અને જૂની એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિસ્ટમના કારણે ત્યાં વિમાન અને હેલિકોપ્ટર અકસ્માતો વારંવાર સર્જાતા રહે છે.

દેખાવો માટે...

કહ્યું કે, સરકારે હવે દિલ્હી કે અન્ય રાજ્યોની રાજધાનીઓ માટે વિચારણા કરીને ચોક્કસ નીતિ લાવવી પડશે, આ મુદ્દો હવે માત્ર જંતર-મંતર પૂરતો મર્યાદિત રહ્યો નથી.

દિલ્હી ડાયરી...

સવાલ ઉઠાવતા દાવો કર્યો હતો કે, ઘટનાના વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, એ સમયે વિઝિબિલિટી ઠીક ન હતી. ઓપરેટરે ઉમેર્યું કે હેલિકોપ્ટરનું અચાનક નીચે પડવું બે શક્યતાઓ તરફ ઇશારો કરી શકે છેઃ પાઇલટને તબીબી ઇમરજન્સી અથવા કોઇ બહારની વસ્તુ વિમાન સાથે અથડાઈ હશે.

રામલીલા મેદાન રેલી બાદ સેન્ટ્રલ દિલ્હીની સ્થિતિ

રવિવારે સાંજે આઈ.એન.ડી.આઈ.એ. ગઠબંધનની રેલી બાદ સેન્ટ્રલ દિલ્હીના રસ્તાઓ અને દીવાલો પર વિરોધ પ્રદર્શનના નિશાનો જોવા મળ્યા હતા, જેમાં મિન્ટો રોડ પર સ્પ્રે-પેઇન્ટથી લખેલા સૂત્રો–જેમાં "વોટ ચોર, ગાદી છોડ", "રોલબેક એસઆઈઆર" અને "ઈલીગલ પીએમ"નો સમાવેશ થાય છે–પ્લાસ્ટિકની ફેંકી દેવાયેલી બોટલો, ફાટેલા પ્લેકાર્ડ્સ અને અન્ય કચરાની વચ્ચે જોવા મળ્યા હતા. રેલીના સ્થળ રામલીલા મેદાનથી જવાહરલાલ નેહરુ માર્ગ અને મિન્ટો રોડ તરફ પાછા ફરતી વખતે ધૂળ, ખોરાકના રેપર્સ અને પાણીની ખાલી બોટલોથી ભરેલા રસ્તાઓ જોવા મળ્યા હતા. સેન્ટ્રલ ડિવાઈડર પર પ્રદર્શનકારીઓએ "મોદી મસ્ટ ગો" અને "બેન આરએસએસ" જેવા સંદેશાઓ સ્પ્રે-પેઇન્ટથી લખ્યા હતા.

નાના જૂથો ફૂટપાથ પર સૂત્રોચ્ચાર અને વિરોધ પ્રદર્શન ચાલુ રાખતા હતા, ત્યારે કચરો એકત્ર કરનારાઓ પુનઃવેચાણ માટે ખાલી બોટલો અને અન્ય રિસાયકલ કરી શકાય તેવી સામગ્રી એકઠી કરવા પહોંચી ગયા હતા.

એક કાર્યકરે કહ્યું, "અમારા માટે, વિરોધ પ્રદર્શન એ કંઈક પૈસા કમાવવાની તક છે. કારણ કે, લોકો બોટલો અને અન્ય વસ્તુઓ ફેંકી દે છે, જેને અમે એકત્રિત કરીને વેચી શકીએ છીએ." રામલીલા મેદાન ખાતે વિરોધકર્તાઓ માટે એક અલગ પ્રકારનો મુશ્કેલ રસ્તો હતો, કારણ કે ગયા અઠવાડિયે દિલ્હીમાં પડેલા વરસાદને કારણે મેદાનના કેટલાક ભાગો કાદવ અને લપસણા બની ગયા હતા. તિરંગા તંબૂઓ, ખુરશીઓની હરોળ અને ફ્લેગ્સ, તેમ જ આઈ.એન.ડી.આઈ.એ. ગઠબંધનના નેતાઓને સભાને સંબોધવા માટે તૈયાર કરાયેલા શણગારેલા મંચ વચ્ચે પ્રદર્શનકારોએ વરસાદથી ભીંજાયેલી જમીન પર કાળજીપૂર્વક ચાલીને જવું પડ્યું હતું.

વરિષ્ઠ અમલદારોના કાર્યકાળમાં મુદતવધારો

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મંત્રીમંડળમાં ફેરફાર કરવાની અનિચ્છા તેમના સત્તાવાર નિવૃત્તિ પછી પણ ટોચના અમલદારોને જાળવી રાખવાના વલણમાં દેખાય છે. ઓગસ્ટ 2024માં જ્યારે કેબિનેટ સચિવ ટીવી સોમનાથન નિવૃત્ત થવાના હતા, ત્યારે કેબિનેટ કમિટી ઓન એપોઇન્ટમેન્ટ્સે તેમને ઓગસ્ટ 2026 સુધી મુદતવધારો આપ્યો હતો. ત્યારથી તેમને ઓગસ્ટ 2027 સુધી ચાલુ રહેવા માટે કહેવામાં આવ્યું છે.

ઉગત-નવાપરા જૂથ ગ્રામપંચાયત

તા.જી.નવસારી, પિન 396469

જાહેર નિવિદા

આથી જર્જરીત જુના મકાનો તોડનાર તથા ભંગારની વસ્તુઓ ખરીદનારાઓને ઉગત-નવાપરા જૂથ ગ્રામપંચાયત તરફથી સુચન કરવામાં આવે છે કે હાલ મોજે-નવાપરાની જુની/જર્જરીત આંગણવાડીનું મકાન સ્વખર્ચે તોડીને તેનું કાટમાળ સહિતની નકારતી સામાગ્રી લઇ જવા માટેની જાહેર હરાજી તા.૦૬/૦૮/૨૦૨૬ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે અને મોજે-નવાપરાની જુની/જર્જરીત ટાંકી સ્વખર્ચે તોડીને તેનું કાટમાળ સહિતની નકારતી સામાગ્રી લઇ જવા માટેની જાહેર હરાજી તા.૦૬/૦૮/૨૦૨૬ના રોજ બપોરના ૧.૦૦ કલાકે ઉગત-નવાપરા જૂથ ગ્રામપંચાયત કચેરી મુકામે રાખવામાં આવેલી છે.અનામત રકમ રૂપિયા 200/-(બસ્સો પુરા) સ્થળ પર હરાજીના સમય પહેલા જમા કરાવવાના રહેશે, જે અનામત રકમ પરત મળવા પાત્ર રહેશે નહીં.તો રસ ધરાવનાર ઠેકેદારો એ તારીખ, સમય, સ્થળ ખાતે સમયસર હાજર રહેવા જણાવવામાં આવે છે, હરાજી ની શરતો અને બોલીઓ જે તે દિવસે સ્થળ પર વાંચી સંભાળવામાં આવશે. નોંધઃ હરાજી અંગે આખરી નિર્ણય ગ્રામ-પંચાયત ઉગત-નવાપરા જુથનો રહેશે.

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત ઉગત-નવાપરા જુથ
તા. જી. નવસારી

સરપંચશ્રી
ગ્રામ પંચાયત ઉગત-નવાપરા જુથ
તા. જી. નવસારી

માહિતી/નવસારી/૪૨૧/૨૦૨૬

ગુજરાત સરકાર
સામાજિક વનીકરણ વિભાગ વલસાડ
ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં-૦૩ સને ૨૦૨૬-૨૭

વલસાડ જિલ્લાના સામાજિક વનીકરણ વિભાગ વલસાડ હેઠળ વલસાડ ખાતે બીટગાર્ડ ક્વાટર્સના બાંધકામ માટે એજન્સી/સંસ્થાઓ પાસેથી ઈ-ટેન્ડરીંગ થકી ભાવો મંગાવવામાં આવે છે. સદર ટેન્ડરની વિગતો વેબ સાઈટ www.nprocure.com પરથી જોવા મળશે.

અ.નં	રેંજનું નામ	કામગીરીની વિગત	સ્થળ	અંદાજીત રકમ લાખમાં
૧	વલસાડ	બીટગાર્ડ ક્વાર્ટર	વલસાડ	૧૮.૦૦

૧) ટેન્ડર ડાઉનલોડ કરી ભરવાની તા.૦૩/૧૧/૨૦૨૬ થી ૧૮/૧૧/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી.
૨) ઈ.એમ.ડી અને ટેન્ડર ડોક્યુમેન્ટ પહોચાડવાની તા.૧૯/૧૧/૨૦૨૬ ના સમયઃ- ૧૭:૦૦ કલાકે સુધી.
3) બીડ ઓપનીંગ તા.૨૦/૦૧/૨૦૨૪ ના સમયઃ- ૧૫:૦૦ કલાકે

કચેરીનું નામ અને સરનામું :- નાયબ વન સંરક્ષકશ્રી સામાજિક વનીકરણ વિભાગ AXN રિસોર્ટની બાજુમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની સામે ચણવઈ વલસાડ ફોન.નં-૦૨૬૩૨-૨૪૩૨૫૮

નાયબ વન સંરક્ષક
સામાજિક વનીકરણ વિભાગ
વલસાડ

ન. માહિતી/વલસાડ/૫૩૮/૨૦૨૬

જાહેર નિવિદા નં.૨૫ સને ૨૦૨૬-૨૭

ગુજરાત સરકારના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી ઉકાઈ વિભાગ નં.૧ બીજો માળ તાપી જલ ભવન ઉકાઈ તા.ઉકાઈ જિ.તાપી. પીન કોડ નં.૩૯૪૬૮૦ ફોન નં.૦૨૬૨૪-૨૩૩૨૨૧ દ્વારા કુલ ૧ (એક) કામ માટે જેની અંદાજીત રકમ રૂા.૪૯.૫૭ લાખ છે. ગુજરાત સરકારના ન.જ.પા.પુ. અને કલ્પસર વિભાગ / માર્ગ અને મકાન વિભાગમાં યોગ્ય કક્ષામાં નોંધણી ધરાવનાર માન્ય ઇજારદારો પાસેથી ઓન લાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે. જેના ટેન્ડરો www.tender.nprocure.com ઉપરથી મળશે અને આ સાઇટ ઉપર ઓન લાઇન ભરવાના રહેશે. પ્રસ્તુત ટેન્ડર વેબ સાઇટ ઉપરથી ઓનલાઇન તા.૦૪-૧૧-૨૦૨૬ થી તા.૧૮-૧૧-૨૦૨૬ નાં રોજ ૧૮.૦૦ કલાક સુધી ઓન લાઇન ભરવાનાં રહેશે. તેમજ ઉક્ત કામના ટેન્ડરના પ્રાઇઝ બીડ તા.૧૯-૧૧-૨૦૨૬ ના રોજ ૧૨.૦૦ કલાકે ઓન લાઇન ખોલવામાં આવશે.

૧.સદર કામ અંગે વધુ વિગતો ઉપરોક્ત વેબ સાઈટવેબ પર અથવા કાર્યપાલક ઇજનેરશ્રી, ઉકાઈ વિભાગ નં.૧, બીજો માળ, તાપી જલ ભવન, ઉકાઈ તા.ઉકાઈ જી.તાપી.-૩૯૪૬૮૦ નો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

૨.નોંધઃ- સદર કામની નિવિદા અંગે સુધારા/વધારા ફક્ત ઉક્ત ઓનલાઈન વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

ક્રમાંક.માહિતી-સૂરત/૮૨૯/૨૦૨૬